# –: પ્રસ્તાવના :–

ભારતના સંવિધાને લોકશાહી ગણરાજયની સ્થાપના કરેલ છે. લોકશાહીમાં નાગરિકોને માહિતગાર રાખવા અને તેની કામગીરી તેવી માહિતીની પારદર્શિતા માટે જરૂરી છે દરેક જાહેર સતામંડળને કામકાજમાં પારદર્શિતા લાવવા અને જવાબદારીને ઉતેજન આપવાના હેતુથી સંસદે માહિતીના અધિકાર બાબતનો અધિનિયમ–૨૦૦૫ અમલમાં મુકેલ છે.

આ કાયદા હેઠળ દરેક જાહેર સતામંડળે માહિતી મેળવવાના અધિકારને સુવિધાપુર્ણ બનાવે તેવા સ્વરૂપમાં જાહેર કરવાની જોગવાઈ થયેલ છે. લોકોને સરકારી તંત્રની પારદર્શિતા વિશે જાણકારી આપવા તથા કાયદાની પ્રાપ્ત થયેલ માહિતીના અધિકારોનો ઉપયોગ કઈ રીતે કરવો તેની વિગતો જાહેર કરવાનો આ પુસ્તિકાનો મુખ્ય હેતુ છે.

આ પુસ્તિકામાં કલેકટર કચેરીમાં થતી વિવિધ પ્રકારની કામગીરી કચેરી હસ્તકની સતાઓ, કર્મચારી / અધિકારીઓની માહિતી તથા જાહેર માહિતી અધિકારી તથા અપીલ સાંભળનાર અધિકારીશ્રીની વિગતો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ માહિતી સામાન્ય પ્રજાજન તથા અન્ય સરકારી કચેરીઓ માટે ઉપયોગી થશે.

આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવવા જનસંપર્ક અધિકારીશ્રીનો સંપર્ક કરવા માહિતી ઉપલબ્ધ બનશે.

(નલિન ઉપાધ્યાય)
કલેકટર જામનગર
12/6/15